श्री गणेशायनमः

બિલ્વમંગળ ઉર્ફે સૂરદાસ

નાટકના ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

[illegible] ભાવનગરવાળા

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું ગ્રાંટરોડ ઓપેરા શીએટર–મુંબઈ.

રચનાર,

નથુરામ સુંદરજી શુકલ.

સુરત ભાગાતળાવ રોડપર આવેલા ધી "ઈન્ડીઆ" પ્રેસમાં
કંચનલાલ ચુનીલાલે છાપી

આવૃતી ૯ મી] [પ્રત ૫૦૦૦.
સંવત ૧૯૭૬. સંવત ૧૯૨૦

કીંમત ૦–૪–૦.

श्री गणेशायनमः

બિલ્વમંગળ (ઉર્ફે) સૂરદાસ.

નાટકનાં ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર,

ભીકલદાસ કેશવજીભાઈ [illegible] વાળા.

શ્રી વિજય નૌતમ નાટક મંડળીના માલીક.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું આં[illegible] સામે થીએટર-મુંબઈ.

રચનાર,

નથુરામ સુંદરજી શુકલ.

(ભાવનગર, પોરબંદર અને વાંકાનેરના રાજકવિ.)

સુરત ભાગાતળાવ રોડ ઉપર [illegible] "ઇંડીયા" પ્રીન્ટીંગ પ્રેસમાં કંચનલાલ ચુનીલાલે છાપી.

આવૃતી ૯ મી] [પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૬. સને ૧૯૨૦.

કીંમત ૪ આના

ચેતવણી.

સને ૧૮૬૭ના ૨૫મા આક્ટ મુજબ રજીસ્ટર કરાવી પ્રસિદ્ધ કરનારે સર્વ હક્ક પોતાના સ્વાધીન રાખ્યા છે માટે પ્રસિદ્ધ કર્તાની રજા સિવાય કોઇએ આ નાટક તથા તેમાંના ગાયનો છાપવાં-છપાવવાં, વેચવાં-વેચાવવાં કે ભજવવાં-ભજવાવવાં નહી.

ॐ

श्री परमात्माने नमः

બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ નાટકના

મુખ્ય પાત્રો.

શ્રી કૃષ્ણ—શ્રી વિષ્ણુ પરમાત્માના પુર્ણ અંશાવતાર.

મંગળ—શ્રી કૃષ્ણનો સખા ગોપબાળ.

બિલ્વમંગળ—શ્રી મદન મોહનજીના મહાન ભક્ત રામદાસ બાવાના પુત્ર, નાટયના નાયક. (સુરદાસ)

માયાદેવી—બિલ્વમંગળની સ્ત્રી.

ચિન્તામણી—બિલ્વમંગળને ઉત્તમ બોધ આપી આ ભવસાગરથી તારનાર ગુણિકા.

ચંદુ તથા બિંદુ—બિલ્વમંગળને ચિન્તામણીના પ્રેમમાં લુબ્ધ કરાવનાર કુસંગી મીત્રો.

અમ્મા—ચિન્તામણીની મા.

અકબર—સર્વવર્ણ પર સમાનદષ્ટી રાખનાર સર્વોત્તમ હિંદના શહેનશાહ.

તાનસેન—અકબરશાહનો પ્રસિદ્ધ ગાયક.

સોમગિરિ—બિલ્વમંગળ, માયાદેવી તથા ચિંતામણીના ગુરૂ.

કૃષ્ણદાસ—કૃષ્ણ પરમાત્માના અષ્ટ સખા માહેના એક કવિ.

તુલસીદાસ—શ્રી રામચંદ્રના પરમ ભક્ત.

તેમજ—ગોપગોપીઓ, સેનાપતિ, દરોગો, ઠગલોક, ફરીદખાં અંચલા અમૃત શેઠાણી, અબધુત, નિર્લોભરામ, માયા, ચંદનલાલ સુંદરલાલ, ચોપદાર, વારાંગનાઓ, સખીયો, વીગેરે વીગેરે.

બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ નાટકનો ટુંક સાર.

પૂર્વ પ્રસંગ—શ્રી મદનમોહનજીના મહાન ભક્ત વૃજભાષાના અષ્ટ કવિઓ માહેંના એક ઉત્તમ કવિ કૃષ્ણા નદીના કિનારા ઉપરના કોઇ એક મોટા શહેરમાં નિવાસ કરતા પ્રસિધ્ધ ગાયક રામદાસ બાવાના પુત્ર જેનું પ્રથમ નામ બિલ્વમંગળ હતું તે બિલ્વમંગળને અધમોના સંગથી અલગ કરી શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાના સખા બનાવ્યા કે જેઓ પોતાની છેવટની સ્થિતિ સુરદાસ નામે પ્રસિધ્ધ થયા અને જેણે અનેક પુસ્તકોદ્વારા પ્રભુના ગુણ ગાન કર્યાં છે. જેનાં પદથી પ્રભુ પોતે હાજર થતા તેવા આ ભક્ત બિલ્વમંગળની પ્રથમ સ્થિતિ નાટયની શરૂઆત થાય છે.

પ્રારંભમાં—મંગળાચરણ બાદ વસ્તુ સુચક.

અંક પહેલો

પ્ર૦ ૧—ગોલોકમાં શ્રી કૃષ્ણ ભગવાન ગોપ ગોપીઓ સાથે ગમ્મત કરે છે ત્યાં મંગળ નામના એક સખાને શંકા ઉત્પન્ન થવાથી કૃષ્ણ પ્રત્યે પુછે છે કે, તમારૂં અધમ ઉધારણ નામ શાથી પડયું ત્યારે તેની શંકાનું નિવારણ કરવા કૃષ્ણ ભગવાન કહે છે કે.

અધમોને ઉધારૂં છું તેથી મારૂં નામ અધમ ઓધારણ પડયું છે પરંતુ મંગળની શંકાનું સમાધાન નહી થવાથી શ્રી કૃષ્ણ ભગવાન તેને અધમોની સ્થિતિ દેખાડવા મૃત્યુ લોકમાં લઇ જાય છે.

પ્ર૦ ૨—કૃષ્ણવિણા નદીપરના શહેરમાં વસતા નગરશેઠનું ઘર કૃષ્ણ ભગવાન મંગળને સાથે લઈ તે મકાન બતાવે છે અને ત્યાં આવનાર અધમોને બોધ દઇ ઉતમ કરવા કહે છે, તે કામ કરવા મંગળે હા પાડવી તેટલામાં ચંદુ, બિંદુ તથા બિલ્વમંગળ (ઉર્ફે) સુરદાસ, વીગેરે મીત્રોનું આવવું. ત્યાં ચિંતામણી નામની ગુણીકાના નાચ રંગમાં બિલ્વમંગળનું ચિંતામણી ઉપર મોહીત થવું તેટલામાં મંગળે પ્રત્યક્ષ થઇ તે સર્વને બોધ દઈ સારે રસ્તે ચડાવવા પ્રયત્ન કરવો પણ મંગળનો બોધ નહી માનતા સર્વ તેને માર મારી કાઢી મુકે છે.

પ્ર૦ ૩—બિલ્વમંગળનું ઘર ત્યાં મંગળનું આવવું, પડેલ મારનો પશ્ચાતાપ કરવો, ત્યાં માયાદેવીનું આવવું અને પોતાનો પતિ મધ્ય-રાત વીતી જતા નહીં આવવાથી કંટાળી સુઇ જવું. ત્યાં બિલ્વ-મંગળનું ચિંતામણીના પ્રેમમાં આધીન બની આવી સારાં કપડાં પહેરી ચિંતામણી પાસે જવા તૈયાર થવું, તથા માયાદેવીએ તેને જતાં અટકાવવો.

પ્ર૦ ૪—ચિંતામણી ગુણકાનું ઘર, દીલ્હીના ખજાનામાંથી થયેલી ચોરીનો તપાસ કરતાં પતો નહી લાગવાથી ત્યાંના સેનાપતીનું ચિંતામણી પાસે આવવું, અને તે ચોરીનો તપાસ કરવા ચિંતામ-ણીને ભલામણ કરવી, ચિંતામણીએ તે કામ માથે લઈ ઠગ લોકોમાં દેવી રૂપે જઈ તપાસ કરવા નક્કી કરવું, બાદ બિલ્વમંગળનું આવવું પરસ્પરનો પ્યાર.

પ્ર૦ ૫—ઠગ લોકો પોતાની દેવીને ભોગ દે છે તેવામાં ચિંતામણી દેવીરૂપે ચોરોનો પત્તો લગાડવા આવે છે, ખુબીથી ચોરોનો પત્તો મેળવે છે, છેવટમાં દેવનો પડછાયો હોતો નથી એ વાક્યપર ચિંતામણીનું કપટ ખુલ્લું થાય છે. ઠગ લોકો તેને મારી નાંખવા તૈયાર થાય છે, ચિંતામણી પોતાના અંતનો વખત હોવાથી પાપનો પશ્ચાતાપ કરે છે ને મરવા તૈયાર થાય છે. ઠગ લોકોને દયા આવવાથી મારતા નથી, ચિંતામણીનાં જ્ઞાનચક્ષુ ખુલી જાય છે અને પ્રભુ પરાયણ થાય છે.

પ્ર૦ ૬—બિલ્વમંગળ ચિંતામણીના પ્રેમમાં વિહ્વળ બની રાત્રીનો વખત વળી તેના પિતાના શ્રાદ્ધનો દિવસ છતાં પણ ચિંતા-મણીને મળવા તૈયાર થાય છે, માયાદેવી તેને ઘણી રીતે સમજાવે છે છેવટમાં નહીં માનતા બિલ્વ પોતાની પ્યારી ચિંતામણીને ઘેર જાય છે.

પ્ર૦ ૭—મંગળ જંગળમાં વર્ષાઋતુનું વર્ણન કરતો નીકળે છે, કૃષ્ણે પુછેલા પ્રશ્નનો મંગળે આપેલો જવાબ. ત્યાં બિલ્વમંગળનું આવવું શ્રીકૃષ્ણે સ્વરૂપ બદલી બોધ આપવો, મોહાન્ધ બિલ્વને કાંઇ અસર નહીં થતાં તેવીજ સ્થિતીમાં ચિંતામણી પાસે જવું શ્રીકૃષ્ણના બોધથી નહી સુધરનારની સ્થિતિ જોઈ મંગળને આશ્ચર્ય થવું વિગેરે.

પ્ર૦ ૮—ચિંતામણીનું ઘર, રાત્રીની વખતે ચિંતામણીએ પોતાને માથે વિતેલા પ્રસંગની યાદી લાવી ઇશ્વર ભકિત પરાયણ રહેવાનો વિચાર કરતાં સુઈ જવું તેવામાં કૃષ્ણાવિના નદી તરી બિલ્વમંગળનું મેડી ઉપર ચઢવું અને ચિંતામણીને જગાડવી ચિંતામણીનું જાગ્રત થવું તથા બિલ્વમંગળને બોધના ફટકા મારી વૈરાગ્યવાન બનાવવો, બિલ્વમંગળને પોતાની અધમ સ્થિતીનું ભાન થતાં તેના હૃદયમાં જ્ઞાનની જોત પ્રગટ થવી વિગેરે.

અંક બીજો

પ્ર૦ ૧—અકબર બાદશાહની કચેરી, બાદશાહ પ્રસિધ્ધ ગાયક રામદાસ બાવાની ગેરહાજરીમાં તેના પુત્ર બિલ્વમંગળની તપાસ કરાવે છે પણ બિલ્વમંગળ ચિંતામણી ગુણિકાના બોધથી સંસારપર વિતરાગ બની ચાલી નિકળ્યો છે આ વાત તાનસેન કહે છે પણ ચિંતામણી જેવી વેશ્યા બોધ આપે એ બનેજ નહિ આ વાતની શંકા થતાં તેની પરિક્ષા કરવા બાદશાહે ચિંતામણીને તેડાવવા રૂકકો લખી મોકલવો.

પ્ર૦ ૨—બિલ્વમંગળ પ્રભુ ગુણ ગાન કરતો નીકળે છે આ જોઈ તેની સ્ત્રી કંટાળો આપે છે તેથી બિલ્વ સંસાર ઉપરથી પોતાનું મન ઊઠી જવા કહી પોતાની સ્ત્રીથી છુટા થવા માગે છે માયાદેવીએ પોતાના પતિનું આવું વર્તન જોઇને પીયર જવું તથા બિલ્વમંગળનું જંગલમાં ચાલ્યા જવું.

પ્ર૦ ૩—ચિંતામણીની પ્રભુ પ્રત્યે પ્રીતી અને સંતસાધુ તરફથી મમતા જોઇ તેની મા અન્ના તેને ઘણું સમજાવે છે પણ તે માનતી નથી વૈશ્ણુવ સાધુઓનું આવવું. ચિંતામણી ઇશ્વર ગુણ ગાન કરે છે. અન્નાનું ગુસ્સે થવું, તેવામાં બાદશાહનો હુકમ આવવાથી અન્નાએ ચિંતામણીને જબરજસ્તીથી બાદશાહ પાસે લઇ જવી.

પ્ર૦ ૪—સોમગિરીનું આશ્રમ સોમગિરિ પોતાના શિષ્યો સાથે ભજન કરે છે ત્યાં બિલ્વમંગળનું આવવું અને ગુરૂ મંત્ર લેવા

સોમગિરીને વિનતી કરવી તોપણ સોમગિરિ તેને પાત્ર નહી જાણી મંત્ર આપતા નથી તોપણ બિલ્વ દ્રઢ ટેક લઈ બેસે છે, તેથી સર્વ ગંજન કૃષ્ણ ભગવાનને ભકતોની પરીક્ષા લેવા પેટમાં દુખવાનો ઢોંગ કરી મનુષ્યનુ કાળજુ લેવા મંગળને મોકલવો, છેવટે પ્રભુનાં નામ ઉપર બિલ્વમંગળે પોતાનું કાળજું કાઢી આપવું. આ જોઈ સર્વનું આશ્ચર્ય થવું બિલ્વને ગુરૂમંત્ર આપવો.

પ્ર૦ ૫ કૃષ્ણ ભગવાન મંગળને લોભને જીતેલા નિરલોભરામ સાધુની પરિક્ષા કરી બતાવે છે. પ્રભુની માયા જોઇ મંગળ અજબ થાય છે. તેવામાં એક સ્ત્રી પોતાના પુત્રનું મુડદુ લઇ રૂદન કરતી નીકળે છે. મંગળને દયા આવવાથી તે પુત્રને સજીવન કરવા કૃષ્ણ ભગવાનને વિનંતી કરે છે. પણ આયુષ્ય ખુટયા પછી સજીવન થઈ શકે નહી તેમ પ્રભુનુ કહેવું તેવામાં બિલ્વમંગળનું આવવુ બિલ્વનું સાધુપણું જોઇ બાઇએ પોતાના પુત્રને સજીવન કરવા કાલાવાલા ક[illegible]ના સ્તુતિથી પ્રભુ છોકરાને જીવતદાન આપે છે મગળનું ગુસ્સે થવું અને શ્રીકૃષ્ણ ભગવાનનો બોધ

પ્ર૦ ૬—અકબર બાદશાહનો ખાનગી અવાસ ચિંતામણી તથા અન્નાનું આવવું, બાદશાહ અનેક લાલચ આપી ચિંતામણીને લોભાવે છે, પણ ચિંતામણી પોતાની ટેક છોડતી નથી. છેવટમાં તેની ભકિત જોઇ બાદશાહનું ખુશ થવું. અન્નાને બાદશાહકી ખજાનામાંથી જવાહ આપી ચિંતામણીનું જંગલમાં ચાલી નીકળવુ.

પ્ર૦ ૭—બિલ્વમંગળની સ્ત્રી (માયાદેવી) પોતાની દુઃખી સ્થિતિનું વર્ણન કરે છે, ત્યાં સોમગિરી મહાત્મા માયાનાં દર્શન કરવા આવી બિલ્વમંગળનુ ઘર પુછે છે પણ માયાદેવી તેને બહુ

સતાવે છે. તેમજ અપમાન કરે છે. માયાદેવીની આવી સ્થિતી જોઇ સોમગીરી પોતાના ભક્તિ પ્રભાવે પ્રભુ સ્તુતી કરી (માયા)ની મોહ બુધ્ધિ હરી લઇ ઉત્તમ બુધ્ધિની અધિકારીણી કરે છે અને સાથે વ્રજયાત્રા કરવા તેડી જાય છે.

પ્ર૦ ૮—ઇશ્વર ભક્તિમાં તદાકાર બનેલા બિલ્વમંગળ ચાલ્યા આવે છે, પણ બિલ્વમગળને એક પ્રભુના સ્મરણ વિના કંઇ સુજતું નથી તેવામાં કોઇ એક નગરશેઠના દીકરાની સ્ત્રી ચાલી આવે છે, તે બિલ્વમગળની ભક્તિ જોઇ આશ્ચર્ય પામી તેની પ્રશંસા કરતી ચાલી જાય છે એ સ્ત્રીને જોઇ બિલ્વમંગળને ચિંતામણીનું ભાન થાય છે અને પોતાની શંકાનું સમાધાન કરી તેને ઉત્તમ રસ્તે દોરવાની ઇચ્છાથી તે શેઠાણીને ચિંતામણી સમજી તેની પાછળ જાય છે.

પ્ર૦ ૯—અમૃત શેઠાણી પોતાની સખીઓ સાથે રાસડો ગાય છે ત્યાં બિલ્વમંગળ આવી શેઠાણીને અન્યોક્તિમાં બોધના શબ્દો કહે છે જે સાંભળી બિલ્વને તેમ બોલવાનું કારણ પુછવું ચિતામણી નથી એવું બિલ્વને જણાવવું, છેવટ પોતાની થયેલી ભુલને માટે પોતાના ચક્ષુઓને દોષ આપી બાઇ પાસે સોયા મંગાવી આંખો ફોડી નાંખવી સર્વનું આશ્ચર્ય થવું, ત્યારથી બિલ્વનું (સુરદાસ) બનવું.

અંક ૩ જો

પ્ર૦ ૧—માયાની શોધમાં નિર્લોભરામનું નીકળવું વૃજને રસ્તે સોમગીરી તથા માયાદેવીનું નીકળવું, તથા ચિંતામણીનું મીલન બાદ ત્રણેનું સાથે વૃજમાં સુરદાસજીને મળવા જવું વિગેરે.

પ્ર૦ ૨—નિર્લોભરામ માયાનું ચિત્વન કરતો નીકળે છે ત્યાં સોમગીરી ચિંતામણી તથા માયાદેવીનું આવવું નિર્લોભરામે માયાદેવી પર આશક થવું, ત્યાં સોમગીરીની સ્તુતીથી પ્રભુએ ચમત્કાર બતાવી પોતાની માયાની પ્રેરણા કરવી ઇશ્વરી માયાએ નિર્લોભરામની દુષ્ટ વૃત્તિ દુર કરવા કેટલાક ચમત્કારો બતાવી નિર્લોભરામની લોભી વૃત્તિ ટાળી પાપનો પસ્તાવો કરાવવો.

પ્ર૦ ૩—સુરદાસજીનું વૃજ જંગલમાં કૃષ્ણ કીર્તન કરતાં નીકળવું કૃષ્ણભગવાને સુરની ભકિતનાં વખાણ કરવાં મંગળને સુરની પરીક્ષા કરવી. ત્યાં કૃષ્ણભગવાનને પ્રગટ થઇ સુરનો હાથ ઝાલી વૃજનો રસ્તો બતાવવો અને હમેશાં તેને માટે દુધ ભાતનો દુનો અંતરીક્ષથી મોકલવા વચન આપવું.

પ્ર૦ ૪થો—સોમગીરી સાથ માયાદેવી તથા ચિંતામણીનું સુરદાસના આશ્રમમાં આવવું અને તેઓને શ્રી પ્રભુનાં દર્શન કરાવવાં તથા શ્રીહરીએ સુરદાસની કવિતાનું અંતિમ પદ પુરૂ કરવાનું વચન આપવું.

પ્ર૦ ૫મો—છેવટે રાસલીલાનાં દર્શન કરાવવાં.

श्री गणेशायनमः

श्री

બિલ્વમંગળ (ઉર્ફે) સૂરદાસ

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર તથા નટી— ૧

શ્રી નટવર ઘટધર અંદર સ્થાપી અરચુ
પ્રભુ પ્રિયકર—શ્રી.
શ્રીપતિ આપો સુમતિ ગણી નિજજન—શ્રી
ગિરિધર સુંદર સ્નેહે કરજો ફલપ્રદ કરણી—શ્રી
યદકુલ દિનકર વ્હાલથી, વંદી નિરખી
છબી મન હરણી
જગ જલનિધિ તરણી—શ્રી

નટી— ૨

ગિરિધર ગુણ ગાથ ગાઉં સ્નેહ સાથ જોડી હા
શ્રી પતિ પદ રતિ ઉર અતિરે—ટેક.
રટું મુખ રસિક વિહારી, ધારી હિમ્મત હૈયે
અભિનવ અવતારી, નંદ નંદન હરણ હરિ
ચતુરચંદ દ્યુતિમય દિન પ્રતિ કરૂં નતિરે—

ગોપ— ૩

મારા સુંદર શ્યામ શરીર જય મન મોહન સુદ મંદીર
નંદકુવર ભક્તોની નિત્યે, ભાંગી રહ્યા ભીડ
નટવર નવલકિશોર નિરંતર, ગ્રહી પદ કંજ
પ્રભામય પ્રીતે સ્તુતિ કરીએ ધરી ધીર—મારા.
ધન્ય ભાગ્ય વ્રજ ભૂમિનાં વળી છે ધન નંદ અહીર
અધમ ઉધારણ કારણ જગના અભીનવ આપ
પ્રભુજી પ્રગટયા જાહિર શ્રી જદુવીર—

સાખી.

અધમોને ઉદ્ધારવા સ્નેહે ધરૂં શરીર,
ભવ સાગરથી ભક્તને, તારી કરૂં ઝટ તીર;
ગોપ..મારા.

કૃષ્ણ— ૪

કરે ના શુદ્ધ કોઈરે, મુજ કૃપા વિના
બ્રહ્મા શેષ મહેશ ગિરાને ગણેશ કદી જો હોયે
મારી કરૂણા વિના કરેના ઉત્તમ કિલ્બિશ ખોઈરે
હુંજ કરૂં અધમોને ઉત્તમ પાપ પુંજ સહુ ધોઈ
પુનિત કરી પોતાના ગણું છું ઊંચ કે નીચ હોય તોયરે.

ચિંતા— ૫

બોલું ક્યાં મેરે પ્યારેકી બતિયાં
ખોલું ક્યા મેરી છોટીસી છતિયાં—ટેક.
ન ધીર ચેન ધરિ રેન ચુમિ ચુમિ
બદન શયનમેં દુઃખી કર ડારી
પકરી જુગલ કર, બસન અલગ કર
કિય પર હરી ડર, છત અધરન પર—બોલું.

સાખી.

મરોર ડારે જોરસોં, મેરે કોમલ અંગ
એશેં નિરદય નાથકો, સુપને કરૂં ન સંગ—બોલું.

સાખી.

ત્રાસ બડયો તનમેં અતિ, હીયકો ઘટયો હુલાસ,
એસો જો મેં જાનતી, તો જાત ન પીયુકી પાસ—બોલું.

ચંદુ–બિંદુ–બિલ્વ વિગેરે— ૬

નર નીચ અહીંથી જા, જા, જા,
લે માર ખળતુ ખા, ખા, ખા,
બહુ મદમસ્ત બનીને બલ્યો, રંગ અમારો રજમાં રોળ્યો.
નથી શરમ નફ્ટ હરામી તું હઠ હઠ
શાને અહીં આવ્યો શઠ, ફેરવાને નથી પટ—જા જા.

મંગળ—કહું સત્ય વાત નહી તરછોડો-કૃષ્ણ ભજનમાં
ચિન્તને જોડો છોડો સહુ છલબલ ભજો હરિ
પળ પળ નહીં તો કહેવાશો ખળ, તેમાં નથી સારૂં ફળ

૭

બિલ્વ—જાઉં જાઉં પ્યારી પાસ ઝટપટ, છોડ છોડ મુંજ કર તું
માયાદેવી—જરીએ નહીં અધમ શરમ તમને
જગત ડર મહ[illegible] નિશદિન છે મુને
વેશ્યા સદન જોઈ નયન જગ
કહે ધિક તેની [illegible]ક ઉર મહિં ધરોને
બિલ્વ—જાણી જાણી
પૂર્ણ ચિન્ત મુજ પ્રસન્ન રહે છે
ચિન્તામણીનું મીલન થતા
લઇશ લ્હાવ બની રસ બસ હું
અલગ થા તું જા નાર નકામી—

ચિંતા— ૮

ખીલી વસંગ વૃક્ષ ડાળી જુઓ ડોલતી
ખુબીને ખોલતી
પ્રેમ પુષ્પની પ્રભા અપાર ધારી
આગળીઓ તુલ્ય પાન, તેવી શોભાવી માન

મોહનને આપતી—ખીલી૦
પંખી ગણ પામે વિશ્રાન્તિ
પંથી જનો સુખે લે છે શાન્તિ
જોબનનાં અંગે ફુટયાં છે અંકુરો
સ્નેહથી શોભાને સ્થાપતી—ખીલી૦

લુટારૂઓ— ૯

ચાલો સહુ યાર, દેવીને દ્વાર, ભોગ દેયે ભાવથી આવાર
ધરિ અપાર પ્યાર કાશી કલક-તાને લુટયો દીલ્લીનો દરબાર
તોડી ફોડી લુંટી લઇએ ભુપના ભંડાર કરૂણાળી, ખીરદાળી,
માહાકાળી તું માત.
હાજર થાઓ હેતે દેવી સાક્ષાત પાડાનો ભોગ લેવા,
દેવી દયાવાન મા આવો મા આવો લેવા બળીદાન.

ચિંતા— ૧૦

હું ભજન કરીશ હરીનું સદા સુખે—ભજન
આ સંસાર આગ સમ લાગે
મિથ્યા ફાંફાં મારી હારી—ભજન
નહીં કોઇને દેવા તમારી વાત બંધાણી છું
રાખો ભરોસો હૃદયમાં હું દેવના સમ ખાઉં છું
છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જાવા દિઓ
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

બિલ્વ— ૧૧

રતિ પતિ બાણ મારી, મારી દ્રઢ છાતી વિદારે
પ્રહારે ન ધારે દયારે કોવારે
જાય છે વખત થાય છે વ્યથિત તનડું જ્યારે ત્યારે
રતિ પતિ

સાખી

પલ પણ પ્રિય પ્રેમદા વિના, ધારી શકુ નહીં ધીર
જખમ કરે છે જીગરમાં તીવ્ર વિરહનું તીર.
દેવી ગુણોથી વિરાજીત દારા
મોહિની ચિન્તામણી વિણ મારાં
સંકટ કોણ નિવારે—રતિ પતિ.

બિલ્વ— ૧૨

પ્રેમદા પ્યારો મળે, વ્યાધી ઉરની ટળે
રઢીયાળી મારી—પ્રેમદા.
કામ કૃપાણથી ઘાયલ હું એ
ઘાવ રૂઝાવની ઔષધિ સારી
વાહ વાહ પ્યારી ઘર જાઉં
હું જાઉં જાઉં જાઉં—પ્રેમદા.

કૃષ્ણ— ૧૩

શ્રવણ ન બોધ ધરે દુષ્ટો ત્યાંડી
પાપ કરે શિર ધરે; અવતરે—શ્રવણ
નિશદિન સકલ દુઃખ સહે

નહીં ધર્મ પંથને ગ્રહે
રટણ રમણીનું હૃદય રહે
છલ બલ છાય છાય છાયરે—શ્રવણ.

ચિંતા— ૧૪

વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે
ધર્મ વ્રતિએ ધરણીધરનું ધ્યાન ધૃતિથી ધરવા દે
અધમપણાને અલગ રાખી ભંડાર ભક્તિના ભરવા દે
નટવર નામનું નાવ મળ્યું છે તો ભવસાગર તરવા દે
નાશવંત નર નામ છોડીને અક્ષય વરને વરવા દે—વિષય૦

બિલ્વ— ૧૫

આ તારાં વચનો સારાં સ્નેહે સાંભળતા
શાન્તિ પામ્યું મન મારૂં રે આજે—આ૦
જગની જંજાળમાંથી બળતો બચાવ્યોજી
ધન્ય ગુરૂ ચિન્તામણી ધારૂં રે આજે,
ચિંતા—ભક્તિ ભગવાન કેરી કરતાં હમેશાંજી
થવાનું ત્વરાએ શુભ તારૂં એ શાણા
બિલ્વ—આ તારાં.

અંક બીજો.

દરબારીઓ— ૧૬

નેક ન્યાય બારે પ્યારે અકબર નૃપતિ હમારે
પ્રીતસો પ્રજાકી પીર, કાટી દેત શાન્તિ ધીર
કરત હૈ વિનોદી બીર, નીર છીર ન્યારે.

વારાંગનાઓ— ૧૭

સા સા પપ ધમ પગ મરેસા સા સા ગરેગ
સાગમ ગરેસા
સારેરેરે સાગગગ સામગમ સાપપપ
સાધધધ સાનીનીની સા સા સા સા
સાનીનીની સાધધધ સાપપપ સામમમ
સાગગગ સારેરેરે ધની સારેપ સાસાસા....સા
સાગ સાગ સાગમ ગરે સાની સારે
ધધની સા સારે ગરે સાની ધના સા સા સા
પગ પગ પપ સાધપપમ ગરે, ગમ ગમ ગપ
નીસાની ધનીસા
સા.........ગ.........પ........સા.........સા.........પ
ગ.........ધા.........સાસા

બિલ્વમંગળ— ૧૮

નાથ ત્વરિત સેવકને તારો સેવકને તારો
નટવર ઉરની ઉપાધી નિવારો—ટેક.
કર્મ કર્યા છે અધમ હજારો
માફ કરો અપરાધ અમારો........નાથ.

સાખી.

મુજ મન ભમરાએ કરી; બાળવવા રસ રીત
અવિનાશી પ્રભુ આપના પદ પંકજમાં પ્રિત—નાથ.

બિલ્વ તથા માયા— ૧૯

માયા—સદા રેજો રૂડાં સુખડાંને સાજી
હવે જાઉં છું રહું ન થાવો રાજી....ટેક.
સ્નેહી જનોનો સંગ, તજી ફરો ફંતગ
ભુંસી ભભુત અંગ, ધરો અજબ ઢંગ

બિલ્વ—વનિતા વાહ, વાહ (૨)

માયા—રેજો રૂડાં

બિલ્વ—તારા જવાથી સાલી મારા હૃદયમાં શાન્તિ થશે,
રટિ નિત્ય નંદ કુમારને અવતાર આનંદે જશે.
ભવ ભાર દુઃખ દેનાર, શિર ધારણ કરી ચાલી અરે,
માયા ઉદાર બની કર્યો, ઉપકાર તેં મારા પરે,

માયા—...રે જો.

ચિંતામણી—　　　　　૨૦

વ્હાલા વૃજલાલ સાથે લાગીરે લગનીયાં
માહારી મહારાજ
પ્યારી છબી શામળાની, સ્થાપી ઘટ ઘરમાં મેં તો.
એને હાથે છે મારી લાજ
વૃન્દાવનમાં ફરતા ધરતા, વરતા આ આ....વ્હાલા૦
હૈડે નિત્ય હેત ધારી, બંધુ હળધરના હું તો
સેવું છોડીને બીજા કાજ........વૃન્દા.......આ વ્હાલા૦

સોમગિરી તથા સાધુઓ—　૨૧

ખોટી માયા—ખોટી કાયા—જુઠી માયા જુઠી કાયા
સાથે પંથે ચાલો ભાઈ
ભજન કરીએ ભાવથી—પ્રભુ૦
નામ રઘુપતિનું રટી શવરી તરી સંસારથી
પારધી શુભ ગતિ પામ્યો એ અજાણ્યું નથી-ભાઈ૦

બિલ્વમંગળ—　　　　　૨૨

તારો સુજને હેતેથી ગૃહી હાથરે ગુરૂજી
ગાઉં પ્રભુ આનંદે ગુણ ગાય હોજી
આશરો મારે તો સાચો એ ગુરૂ આપનો છે
સ્તુતિ કરૂં છું સ્નેહ સાથ હો....
છે નહિ મારે આશા ધનધરા ધામનીરે
ગુરૂમંત્ર આપો કૃપાનાથરે.......ગુરૂજી તારો.

માયા— ૨૩

દેખો દેખો, મેરા નામ માયા મહાન મશહુર હે
મેરા ન્યારાહી આલમમેં નૂર હૈ
જોગી ભોગીકું મેરી જરૂર હૈ
દીલમે યું રહે ન કોઈ મુજસે દુર હે
વાહજીવાહ વાહજીવાહ........દેખો દેખો.

માયા તથા નિર્લોભિરામ— ૨૪

માયા—હાંરે મેરે રંગીલે યાર, ખીલી કયસી બાલે જોબનકી બહાર
હાંરે મેરે બાલે જોબનકી બહાર, પૈસા બિના
કયસે કરૂં કહો પ્યાર, દેદો થેલી મેરે દિવાને દિલદાર
........મેરે.

નિર્લોભ—થેલી મેં કયસે દુ પ્યારી નવેલી યે હય જીવનકા આધાર
માયા—થેલી છુપાના ચમન ઉડાના હોતા ન બરસો હજાર
નિર્લોભ—લો એ થેલી માશુક મેરે મજેદાર
માયા—આઇયો મેતો જાતી હું હોકે હુશીયાર........મેરે૦

બિલ્વમંગળ— ૨૫

સેવકની અરજી સુણી ધીરા વગર વિલંબ ધાઓ
દયા દીનપર દીનદયાળુ, લાલ ઉમંગે લાવો
વૃજ વલ્લભ છો મુજને વહાલા
કિંકર હું કરૂં કાલાવાલા....આ બાળકને બચાવો—સે૦
કરે સજીવન સ્નેહ ધરીને મદનમોહન પ્રભુ મારા
નિરાધાર નારીના દુખને નટવર કરજો ન્યારા

અવિનાશી આધાર તમારો,
અવર કોણ છે કહો અમારો; પરચો નાથ બતાવો.

કૃષ્ણ— ૨૬

હુંથી ભકત શ્રેષ્ઠ ભારી ક્ષણ ક્ષણ મારૂં
મારૂં સ્મરણ વિઘ્ન હરણ કરતાં મોદ ધારી
પુનિત પરમ હૃદય નરમ........હુંથી
વિશ્વ વાત ન્યારી નિશદિન કરીને.
સુખે સદગ ભજે વિજય..............
મારી કીર્તી ગાતા, ધરી રતિ ઊર અતિ
ધર્મ સાચો ધરતા. 'આ....આ....હુંથી.

ચિંતામણી— ૨૭

સહું વાતે સુખ પામી આ સમે
દુખની તુટી દોરી કહું કરજોડી;
પ્રભુ ! મારા આ સમે—ટેક૦
શાહ તમારૂં કરે શુભ શ્રીપતિ
આશીશ એ મુજ આનંદકારી;
ભજીશ હવે મુદથી મુરારિ—દુખ૦

અમૃત તથા સાહેલીઓ— ૨૮

ગરબો.

સખી સેવા કરીએ રાધાશ્યામનીરે
ગુણો ગાઇએ એના જામિનીરે....ટેક.
પ્રેમથી, નેમથી મૂર્તિ નિહાળી સોદ ધામનીરે
ધુન હૈયામાં હેતથી લાગી રહી પ્રભુ નામનીરે

મુખડ ... પ્રતાપવંત,
તુર્ત ... આપે શાન્તિને....સખી૦

...ગી.

એક... આનંદે સહુ આજ
પ્રિય... સાજ;
શાણી સ...લી ..., પીયે પ્રીતનાં પાથ
હેતે ... હાથ, કરો પ્રાર્થના ... ગેતી પુનીત,
રૂડી ... રીત, ગાયે વાહલથી ... જગતનાથનાં
... ચાહથી ઉમંગથી ...,
રમો રંગમાં ... સખી૦

બિલ્વમંગળ   ૨૭

મેં ભ... ભાસ, નયનો ...
ઘટ ઘટમાં કર... વાસ પ્રીતે ... ટેક.
વિઠ્ઠલ વહાલ ... ગિરધારી
આ સેવકને લેજો ઉદ્ધારી
વ્યાધિ વિદારી શરણે સ્વીકારી,
ટાણે હારો ... પાસરે........મેં ...

સર્વ—આંખ વિના અતિશય દુઃખી થાશે,
જીંદગી આની શી રીતે જાશે;
થાયે હવે શું, ગભરાયે હવે શું.

બિલ્વમંગળ—શાને બનો છો ઉદાસરે....મેં ભયનો૦

અંક ત્રીજો.

ચિંતામણી— ૩૦

મને કોઇ વ્રજની વાટ બતાવો,
સુજન ગણી પુછું, આગળ આવો,
સુંદર શ્યામ વ્રજેશ વસે જ્યાં,
ત્યાં મુજને લઇ જાઓ
આતુર છું સૂરસ્યામને મળવા
મોદથી કોઇ મિલાવો

ચિંતામણી— ૩૧

હાર હેતેથી હું તો ગુરૂમંત્ર આજે પામી
વધ્યો હૃદયે હુલાસ કરૂં વૃજમાંહી વાસ
જે થકી ઝટ જાયે વ્યાધિ વિરામી.
જપતાં થાકું નહિ કહી હું નટવર રટુ નામ
અબળાને ઊદ્ધારી લેજો, સ્નેહે સુંદર શ્યામ—જે થકી.

નિર્લોભરામ ને માયાદેવી— ૩૨

નિર્લોભ—ચાલો પ્યારી અમારે સંગમે
રંગ ઇસ્ક રંગમે...............ચાલો.

માયાદેવી જોગી વેશધારી શાને ભોગમાં વ્રથા ભમે.

નિર્લોભ—ભમે, ભમે, ભમે...............રમેંગે૦

માયાદેવી—વિષ સમાન વિષય વાત કેમ સંતને ગમે

નિર્લોભ—ગમે, ગમે, ગમે...............રમેંગે૦

૩૩

માયા—દુનિયા હે દાસ મેરી, મેં હું રસીલી માયા
ચિત્ત સંતકા ચુરાયા, જગકા ભલા જીતાયા
નિર્લોભકું લુભાયા, કછુ ના લગાઇ દેરી
નિર્લોભ—નેનોકા બાન મારી, કહાં છુપ ગયેથે પ્યારી,
તારીફ કરે તુમારી નિર્લોભરામ લહેરી....દુનિયાં૦
માયા— ....દુનિયાં૦

નિર્લોભરામ-માયા—

૩૪

માયા—મેં રખુ ન મોહોબત કીસીસેં
પુછ લેના એ નિર્લોભજીસેં
રાજાકું પલમેં મેં રંક બનાવું
રંકોકા રાજાકા ઝબા પહેનાઉં
હેત સચ્ચા હય મેરા હરિસેં.... ....પુછ૦
નિર્લોભ—માયાકા કહેનાં યે સચ્ચા હય ભાઈ
ઉન્હે કીસીમેં રખી ના સગાઈ
દુર રહેના હય લાજીમઈસીસે.... ....પુછ૦

કૃષ્ણ—

૩૫

ધન્ય સૂર ! ઉર નિર્મળ તારૂં,
પ્રબળ પ્રેમમય ક્ષેમનું સ્થાન;
દ્રઢતા તુજ દિલની દેખીને,
મુદ ભર મહાન, જાણું જહાન....ધન્ય.
ઘટ ઘરમાં વશી દર્શન આપું,
શ્રેષ્ઠ સખા કરી તુજને સ્થાપું,
કાપું કલેશ મુકી સઘળું માન...ધન્ય.

સાખી.

ભિન્ન નથી ભાનુ થકી, જ્યોતિ જગમાં જેમ
મારી તેમજ ભક્તની તુલના કરવી તેમ....ધન્ય.

સુરદાસ—— ૩૬

દાસ પરે દયા લાવોરે,
દયાળુ દેવા દાસ પરે દયા લાવોરે....ટેક.
સંસારી સંબંધ તોડી, જીવ [illegible] ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવોરે——દયાળુ.
આંખો વિના સંકટ [illegible] માંસાં ગોથા ખાણી;
વારે અવિનાશી આવે આવોરે——દયાળુ.

સુરદાસ—— ૩૭

અરે રંગ [illegible],
શિર સોવે [illegible]......ટેક.
હંસોની ગતિ હંસો જાણે, કાગ ન કાંઇ પિછાણે;
ઘાવ રહિત ઘાયલની ગતિને, જગમાં ક્યાંથી જાણે....અરે.
દરદી વિણ દરદીની દશાને, લક્ષે કોઇ ન લાવે;
સૂર ભજનનો રંગ ન ઊતરે, અમિત ઊપાધિ આવ્યે....અરે.

સુરદાસ—— ૩૮

ગુણોનું ગાન કરૂં ગિરિધારી.
ધારી ઊર હામ શ્યામ સુખકારી....ટેક.
ભુધર મુજને ભકિત આપની
પ્રાણ થકી છે પ્યારી
વારંવાર જઊં વારી વહાલથી
મદન મોહન મનોહારી......................ગુણોનું.

કૃષ્ણ— ૩૯

હું ભકતોનો ભકત છે મારા
જે ભકતોથી સ્નેહ કરે છે તેને સ્નેહી ધારૂં.
દ્રોહ કરે સંતોનો તેને ચક્ર સુદર્શન મારૂં.

સુરદાસ— ૪૦

નટવર તારૂં ખેલવું ન્યારૂ
મન હરણ કરે છે મારૂં
મારો ગુપને ઘાવ ગેંડનો, શ્રીહરિ ગમ્મ સારૂં;
પીડા વ્રજ પ્રેમદાને ઊર એ, ભૂધરજી ભરનારૂં.
ગોપ સંગ તન મન, ગોપી સંગ કૃષ્ણ રમણ કરનારૂં;
કૃષ્ણ—સુરશ્યામ તુજ નામ ઉપર હું તનમનધન સહુ વારૂં—નટવર,

કૃષ્ણ તથા ગોપ ગોપીઓ:— ૪૧

આવોરે અબ બ્રજ બનિતન
સબ મીલી યુથ યુથ
પાઓરે સખી મુદ મધુ દરશન
કરી બ્રજ પતિકે......................(૨) આવોરે.
ધાઓ ધાઓ વિલંબ ન લાવો
અતી પ્રેમ ભાચો મન ધારો રતી......આવોરે.
અનુપમ આકૃતિ આજ બિરાજે
અલંકાર વપુ અગણીત રાજે
મોર મુગટ પિતાંબર છાજે
છબી વિલોકી મીનકેતન લાજે
મધુર મૃદંગ ઝાંઝ ધુન બાજે
નભમેં દેવ દુદંભી ગાજે
એસી છબી દેખી આજ શ્રી બ્રજ પતિકી....આવોરે.

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલા નાટકોના ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી રોકડી કિંમતે મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ	કિંમત	ચોપડીનું નામ	કિંમત
બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦-૪-૦	માતૃપીતૃ ભક્ત પુંડળીક	૦-૩-૦
શ્રી ભક્તિ વિજય	૦-૩-૦	વિશ્વ ત્રૈલીકલાપી	૦-૩-૦
સુરેખા હરણ......	૦-૩-૦	અમર લક્ષ્મી......	૦-૩-૦
નાગર ભક્ત... ...	૦-૩-૦	પીપા ભગત	૦-૩-૦
નીલમ માણેક...	૦-૩-૦	હોથલ પદ્મણી ...	૦-૩-૦
નાગકન્યા... ...	૦-૩-૦	જેસલ તોરલ ...	૦-૩-૦
મનહર મેના ...	૦-૩-૦	બીરબલ બાદશાહ ..	૦-૩-૦
મહાશ્વેતા-કાદમ્બરી	૦-૪-૦	પ્રવિણ સાગર	૦-૩-૦
જોહરે શમશીર...	૦-૩-૦	રાજ લીલા	૦-૩-૦
શ્રી જયમતી......	૦-૩-૦	મહારાજા શાંતનું	૦-૩-૦
ઉર્વશી-પુરૂરવા...	૦-૩-૦	માલવિકા-ગ્નિમિત્ર	૦-૩-૦
કનક કેશરી......	૦-૩-૦	સ્વામીભક્ત સામાન્ત યાને વીર દુર્ગાદાસ ...	૦-૩-૦

વિઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા.

શ્રી. વિ. નો. ના. સમાજ.